# શિક્ષણ-પ્રશિક્ષણ કૉલેજોના પ્રશિક્ષણાર્થીઓના પ્રાયોગિક કાર્ય અંગેનાં વલણો

ડૉ. સેજલ ત્રિવેદી
આસિસ્ટટ પ્રોફેસર,
જે.જી. કોલેજ ઑફ ઍજ્યુકેશન ફોર વુમેન,(પી. જી.) અમદાવાદ

## ૧. પ્રસ્તાવના

શિક્ષણ-પ્રશિક્ષણ કૉલેજોની મુખ્ય કામગીરી માધ્યમિક શાળાઓ માટે શિક્ષકો તૈયાર કરવાની છે. શિક્ષકની ભૂમિકામાં વર્ગવ્યવહાર ખૂબ અગત્યની બાબત છે. આ માટે શિક્ષણ પ્રશિક્ષણ તાલીમમાં પ્રાયોગિક પાઠોની વ્યવસ્થા કરેલ હોય છે. ચાલુ વર્ષમાં સેમેસ્ટર પદ્ધતિના અંતર્ગત બે સેમેસ્ટરમાં એટલે કે, એક વર્ષનો અભ્યાસક્રમ છે. સામાન્યતઃ ૧૫ જૂનથી શરૂ થતું શૈક્ષણિક સત્ર માર્ચ મહિનામાં પૂર્ણ થતું હોય છે. શૈક્ષણિક વર્ષની શરૂઆતથી જ માઈક્રોટિચીંગ તથા સિમ્યુલેશન, સ્ટ્રેલેશન જેવા પાઠો, ત્યારબાદ કૉલેજની ઈર્ન્ટનલ પરીક્ષા અને તરત જ યુનિવર્સિટીના પ્રથમ સેમેસ્ટરની એક્સર્ટનલ પરીક્ષા લેવાય છે. આ ઉપરાંત વિષયવસ્તુ એસાઈનમેન્ટ, શૈક્ષણિક સાધન, સેમિનાર/વર્કશોપ તથા મનોવૈજ્ઞાનિક કસોટી અને પુસ્તક સમીક્ષા અથવા સાયન્સ પ્રેક્ટીકલ પણ હોય છે. તેમાંય રોજીંદી પ્રાર્થના સભા અને નાના મોટા સાંસ્કૃતિક કાર્યક્રમોની ભરમાળ પણ હોય છે. આ બધા પ્રાયોગિક કાર્યની સાથે સૈદ્ધાંતિક વાચન જરૂરી હોય છે. આમ, શિક્ષણ-પ્રશિક્ષણના વર્ષ દરમિયાન આ પ્રાયોગિક કાર્ય અંગે પ્રશિક્ષણાર્થીઓ પોતાનો સારામાં સારો પ્રયત્ન કરે છે. આથી, આ સંશોધનમાં પ્રાયોગિક કાર્ય અંગેના તેમના વલણો જાણવા જરૂરી છે. પ્રશિક્ષણાર્થીઓ પ્રાયોગિક કાર્યો માટે ત્યારે જ હકારાત્મક વલણો ધરાવે છે, જ્યારે તે પ્રાયોગિક કાર્યો સમજીને કરતા હોય અને તેનું મહત્ત્વ સમજતા હોય, તો આ બાબત ધ્યાનમાં રાખીને પ્રસ્તુત સંશોધન સંશોધક દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

## ૨. સંશોધનના હેતુઓ

૧. શિક્ષણ-પ્રશિક્ષણ કૉલેજનાં પ્રશિક્ષણાર્થીઓના પ્રાયોગિક કાર્યો પ્રત્યેના વલણો જાણવા વલણ માપદંડની રચના કરવી.
૨. પ્રાયોગિક કાર્ય અંગે પ્રશિક્ષણાર્થીઓના વલણોની કક્ષા નક્કી કરવી.
૪. પ્રાયોગિક કાર્ય અંગેના પ્રશિક્ષણાર્થીઓના વલણોનો વિસ્તારનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.

## ૩. સંશોધનની ઉત્કલ્પનાઓ

$Ho_1$ અમદાવાદ જિલ્લાની શિક્ષણ-પ્રશિક્ષણ કૉલેજોનાં ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓનાં પ્રાયોગિક કાર્ય અંગેના વલણાંકોના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

$Ho_2$ અમદાવાદ જિલ્લાની શિક્ષણ-પ્રશિક્ષણ કૉલેજોનાં ગ્રામ્ય વિસ્તારના પુરુષ પ્રશિક્ષણાર્થીઓ અને શહેરી વિસ્તારના પુરુષ પ્રશિક્ષણાર્થીઓનાં પ્રાયોગિક કાર્ય અંગેના વલણાંકોના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

$Ho_3$ અમદાવાદ જિલ્લાની શિક્ષણ-પ્રશિક્ષણ કૉલેજોનાં ગ્રામ્ય વિસ્તારની સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓ અને શહેરી વિસ્તારની સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓનાં પ્રાયોગિક કાર્ય અંગેના વલણાંકોના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

## ૪. સંશોધનનો વ્યાપ અને ક્ષેત્ર

સંશોધનનો વ્યાપ એ અમદાવાદ જિલ્લાની શિક્ષણ-પ્રશિક્ષણ કૉલેજનાં પ્રશિક્ષણાર્થીઓ છે.

૫. સંશોધનનું મહત્ત્વ

- આ સંશોધન જેમાં શિક્ષણ-પ્રશિક્ષણ કૉલેજોનાં પ્રાયોગિક કાર્ય અંગેના વલણોનો અભ્યાસ કરવાનો છે. આ સંશોધનથી પ્રશિક્ષણાર્થીઓના પ્રાયોગિક કાર્ય અંગેનો ગમો કે અણગમો અથવા હકારાત્મક કે નકારાત્મક વલણ જાણી આ અંગે ક્યા સુધારા લાવવા તે જાણી શકાશે.
- પ્રશિક્ષણાર્થીઓ દ્વારા અપાતા વિવિધ પાઠો જેવા કે માઈક્રોટિચીંગ, સિમ્યુલેશન તથા સાદાપાઠ વગેરેનું તેમના મતે કેટલું મહત્ત્વ છે તે આ સંશોધન દ્વારા જાણી શકાશે.
- આ ઉપરાંત, ભાવિ શિક્ષકો માટે વર્ષ દરમિયાન થતી ઈતર પ્રવૃત્તિઓ જેવી કે પ્રાર્થના સભા તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રત્યે કેવું વલણ છે તે જાણી શકાશે.

૬. નિદર્શ

સંશોધકે પ્રસ્તુત સંશોધનમાં અમદાવાદ જિલ્લાની શિક્ષણ-પ્રશિક્ષણ કૉલેજોના પ્રશિક્ષણાર્થીઓને નિદર્શ તરીકે પસંદ કર્યા હતા. યાદચ્છિક ઝૂમખા નમૂના પદ્ધતિ અનુસાર અમદાવાદ જિલ્લાની કુલ ૫ શિક્ષણ-પ્રશિક્ષણ કૉલેજોના કુલ ૨૪૭ પ્રશિક્ષણાર્થીઓ પાસેથી વલણ માપદંડ દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી.

૭. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૮. ઉપકરણ

સંશોધન ઉપકરણ તરીકે લિકર્ટ પદ્ધતિ અનુસાર સ્વનિર્મિત વલણ માપદંડની રચના કરવામાં આવી હતી. સંશોધન ઉપકરણની રચના માટે સૌ પ્રથમ ૭૦ વિધાનોની રચના કરવામાં આવી અને તેના આધારે પૂર્વ પ્રાથમિક અજમાયશ કરવામાં આવી હતી. પૂર્વ પ્રાથમિક અજમાયશને આધારે પ્રાથમિક વલણ માપદંડ તૈયાર કરવામાં આવ્યો હતો. પ્રાથમિક અજમાયશ અમદાવાદ જિલ્લાની બે શિક્ષણ-પ્રશિક્ષણ કૉલેજોના કુલ ૧૦૦ પ્રશિક્ષણાર્થીઓ પર કરવામાં આવી. પ્રાથમિક વલણ માપદંડ પત્રકોનું ગુણાંકન કર્યા બાદ દરેક વિધાને મેળવેલા કુલ પ્રાપ્તાંકોને આધારે ઊંચા પ્રાપ્તાંકો મેળવનાર ૨૭% અને નીચા પ્રાપ્તાંકો મેળવનાર ૨૭% જૂથના સંદર્ભમાં ‘t’ મૂલ્ય શોધવામાં આવ્યું અને ઊંચી ‘t’ કિંમત ધરાવતા ૨૦ હકારાત્મક અને ૨૦ નકારાત્મક વિધાનોની પસંદગી દ્વારા કુલ ૪૦ વિધાનોને યાદચ્છિક ક્રમમાં ગોઠવવામાં આવ્યા. આમ, અંતિમ વલણ માપદંડ તૈયાર કરવામાં આવ્યો.

૯. માહિતીનું પૃથક્કરણ

પ્રસ્તુત અભ્યાસમાં પૃથક્કરણ માટે પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણિત વિચલનની ગણતરી કરવામાં આવી હતી. રૂને ઉત્કલ્પનાઓની ચકાસણી માટે ક્રાંતિક ગુણોત્તર (t-value)ની ગણતરી કરવામાં આવી હતી.

૧૦. સંશોધનનાં તારણો

૧. સમગ્ર નમૂનાના પ્રશિક્ષણાર્થીઓ પ્રાયોગિક કાર્ય અંગે નિમ્ન કક્ષાનું વલણ ધરાવે છે.
૨. અમદાવાદ જિલ્લાની શિક્ષણ-પ્રશિક્ષણ કૉલેજોના ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓના પ્રાયોગિક કાર્ય અંગેના વલણાંકોના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે તફાવત જોવા મળ્યો ન હતો.
૩. અમદાવાદ જિલ્લાની શિક્ષણ-પ્રશિક્ષણ કૉલેજોનાં ગ્રામ્ય વિસ્તારના પુરુષ અને શહેરી વિસ્તારનાં પુરુષ પ્રશિક્ષણાર્થીઓના પ્રાયોગિક કાર્ય અંગેના વલણાંકોના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે તફાવત જોવા મળ્યો ન હતો.

૪. અમદાવાદ જિલ્લાની શિક્ષણ-પ્રશિક્ષણ કૉલેજોની ગ્રામ્ય વિસ્તારની સ્ત્રી અને શહેરી વિસ્તારની સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓના પ્રાયોગિક કાર્ય અંગેના વલણાંકોના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે તફાવત જોવા મળ્યો ન હતો.
૫. અમદાવાદ જિલ્લાની શિક્ષણ-પ્રશિક્ષણ કૉલેજોના ગ્રામ્ય વિસ્તારના પુરુષ અને સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓના પ્રાયોગિક કાર્ય અંગેના વલણાંકોના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે તફાવત જોવા મળ્યો ન હતો.
૬. અમદાવાદ જિલ્લાની શિક્ષણ-પ્રશિક્ષણ કૉલેજોના શહેરી વિસ્તારના પુરુષ અને સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓના પ્રાયોગિક કાર્ય અંગેના વલણાંકોના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે તફાવત જોવા મળ્યો ન હતો.

## ૧૧. ઉપસંહાર

શૈક્ષણિક દષ્ટિએ જોતાં પ્રસ્તુત સંશોધન માત્ર અમદાવાદ જિલ્લાની શિક્ષણ-પ્રશિક્ષણ કૉલેજોના પ્રશિક્ષણાર્થીઓ પૂરતું મર્યાદિત હોવાથી તેના તારણોનું સામાન્યીકરણ થઈ શકે નહિ તેમ છતાં પ્રસ્તુત સંશોધનમાં પ્રાયોગિક કાર્યો અંગેની મહત્ત્વતા પ્રશિક્ષણાર્થીઓને યત્કિંચિત ઉપયોગી થશે તો સંશોધકનો આ નમ્ર લઘુપ્રયાસ સાર્થક થયો તેમ ગણાશે.

## સંદર્ભસૂચિ

૧. દેસાઈ, કે.જી., (૨૦૦૦); મનોવૈજ્ઞાનિક માપન. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
૨. પારેખ, બી.યુ. અને ત્રિવેદી મનુભાઈ ડી., (૧૯૯૪); શિક્ષણમાં આંકડાશાસ્ત્ર. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
૩. રાવલ, નટુભાઈ વી., (૨૦૦૫); માઈક્રોટીચિંગ. અમદાવાદ : નીરવ પ્રકાશન
૪. શાહ, ગુણવંત અને પંડ્યા કુલીન., (૧૯૯૩); શૈક્ષણિક મનોવિજ્ઞાન. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
૫. શાહ, દીપિકા ભદ્રેશ, (૨૦૦૪); શૈક્ષણિક સંશોધન. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.